વેચાણ દસ્તાવેજ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકા-અસારવા (અમદાવાદ શહેર પુર્વ), ના મોજે નિકોલ ની સીમમાં આવેલ સર્વે નં. ૩૨૪/૨ ની ૫૭૬૭ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૧૦૨ (નિકોલ) માં સમાવેશ થતા તેને મળેલ ફા. પ્લોટ નં. ૩૯ ની કુલ ૩૪૭૩ ચો.મી. ક્ષેત્રફળની જમીન જેમાં ૨૬૭૩ ચો.મી. રહેણાક હેતુ માટેની બીનખેતીની જમીન તથા ૮૦૦ ચો.મી. વાણીજ્ય હેતુ વાળી બીનખેતી થયેલ જમીન ઉપર અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ સાથે મળી **'સ્પાન વેલેન્સીયા'** *નામથી રહેણાંક તથા કોમર્શીયલ યોજના મુકેલ છે. જેમાં આવેલ* **બ્લોક નં. .... ના....... માળ ઉપર આવેલ ફલેટ/દુકાન નંબર ....ની ....ચો.મી. ના કારપેટ એરીયાના બાંધકામળાળી મિલકત તેમજ તેમાં આવેલ......... ચો.મી. બાલ્કની તેમજ તેમાં આવેલ ....ચો.મી વોશ એરીયા સહીતની મિલકત***નો વેચાણ દસ્તાવેજ* **રૂા................../- અંકે રૂપિયા ....**

લખી આપનાર :- (૧) પટેલ અર્જુનભાઈ રમણભાઈ (૮ ટકાની હિસ્સેદાર)

એકતરફવાળા

ઉ.આ.૫૫ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૪,હરીવલ્લભ સોસાયટી, નરોડા,અમદાવાદ.

PAN No. ARFPP 0680 B

(૨) **પટેલ રમણભાઈ ઈશ્વરભાઈ (૭.૫૦ ટકાના હિસ્સેદાર)**

ઉ.આ.૭૭ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૪,હરીવલ્લભ સોસાયટી, નરોડા,અમદાવાદ.

PAN No. ARFPP 0778 C

(૩) **પટેલ રમણભાઈ હરગોવનદાર (૧૧ ટકાના હિસ્સેદાર)**

ઉ.આ.૫૪ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૪૯,વ્રજવિહાર સોસાયટી, એલ.બી.એસ.રોડ,

બાપુનગર,અમદાવાદ.

PAN No.ANGPP 0781 Q

(૪) **પટેલ રસીકભાઈ હરગોવનદાસ (૧૦ ટકાના હિસ્સેદાર)**

ઉ.આ.૫૦ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૪૯,વ્રજવિહાર સોસાયટી, એલ.બી.એસ.રોડ,

બાપુનગર,અમદાવાદ.

PAN No. ANGPP 0716 P

(૫) **પટેલ ભરતભાઈ રામાભાઈ (૯ ટકાના હિસ્સેદાર)**

ઉ.આ.૪૭ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૧૨,વ્રજવિહાર સોસાયટી, એલ.બી.એસ.રોડ,

બાપુનગર,અમદાવાદ.

PAN No. ACIPP 5954 C

(૬) **પટેલ મહેન્દ્રભાઈ રામાભાઈ (૯ ટકાના હિસ્સેદાર)**

ઉ.આ.૪૪ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,

રહે.૧૨,વ્રજવિહાર સોસાયટી, એલ.બી.એસ.રોડ,

બાપુનગર,અમદાવાદ.

PAN No. APBPP 5270 K

(૭) **પટેલ પ્રવિણભાઈ અંબાલાલ (૪.૫૦ ટકાના હિસ્સેદાર)**
ઉ.આ.૫૩ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,
રહે.૪૨,વ્રજવિહાર સોસાયટી, એલ.બી.એસ.રોડ,
બાપુનગર,અમદાવાદ.
PAN No. AHUPP 7682 A

(૮) **મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા (૧૦ ટકા હિસ્સેદાર)**
ઉ.આ.૪૮ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,
રહે.૯,સંસ્કાર બંગ્લોઝ,નિકોલ-નરોડા રોડ,
નિકોલ,અમદાવાદ.
PAN No. BDJPS 2964 L

(૯) **સુરેશભાઈ હીરજીભાઈ સોરઠીયા (૭ ટકાના હિસ્સેદાર)**
ઉ.આ.૪૪ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,
રહે.૧૪,સંસ્કાર બંગ્લોઝ,નિકોલ-નરોડા રોડ,
નિકોલ,અમદાવાદ.
PAN No. DCOPS 6479 E

(૧૦) **પટેલ દીલીપભાઈ લક્ષ્મણભાઈ (૧૬.૫ ટકા હિસ્સેદાર)**
ઉ.આ.૪૭ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,
રહે.૧,પરિમલ બંગ્લોઝ, સરદાર ચોક,
કૃષ્ણનગર,અમદાવાદ.
PAN No. AKQPP 5803 N

(૧૧) **પટેલ કલ્પેશકુમાર કરશનદાર (૭.૫૦ ટકાના હિસ્સેદાર)**
ઉ.આ.૪૨ ,ધર્મેઃ હિન્દુ. ધંધોઃ ખેતી/વેપાર,
રહે.સી-૪૨, સુર્યમ બંગ્લોઝ,જનસેવા કેન્દ્ર પાસે,
નકોલ-નરોડા રોડ,અમદાવાદ.
PAN No. AJAPP 1865 B

નં.૧ થી ૧૧ ના કુલમુખત્યાર તરીકે

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા

પુખ્ત ઉંમરના, ધંધો : વેપાર, ધર્મે હિન્દુ,
રહેવાસી :- ૯, સંસ્કાર બંગ્લોઝ, નિકોલ-નરોડા રોડ,
નિકોલ, અમદાવાદ.

બીજીતરફવાળા :- **શ્રીનાથ ડેવલોપર્સ**

કન્ફર્મીંગ પાર્ટી **PAN No.ACXFS4103R**

એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી

તેના વહીવટકર્તા ભાગીદાર :-

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા

પુખ્ત ઉંમરના, ધંધો : વેપાર, ધર્મે હિન્દુ,

રહેવાસી :- ૯, સંસ્કાર બંગ્લોઝ, નિકોલ-નરોડા રોડ,

નિકોલ, અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફવાળા અને અગર કન્ફર્મીંગ પાર્ટી એ રીતે સંબોધવામાં આવશે. જેનાં અર્થમાં હર્ષ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી તથા તેનાં હાલનાં તથા વખતો વખતનાં ભાગીદારો, માલીકો, વહીવટકર્તાઓ પોતે જાતે તથા તેમનાં વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો સહીત તમામનો સમાવેશ થાય છે.

ત્રીજીતરફવાળા :-

લખાવી લેનાર *ઉ.વ.પુખ્ત, ધર્મે હિન્દુ, ધંધો : વેપાર,*

પાનકાર્ડ નં.

રહેવાસી :

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો ત્રીજીતરફવાળા અને અગર લખાવી લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોનાં અર્થમાં તમો ત્રીજીતરફવાળા લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારનાં વંશ, વાલી, વારસો, સક્સેસર્સ, સરવાઈવર્સ, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો વિગેરે તમામનો તેમાં સમાવેશ થયેલો ગણાશે.

-: જત :-

અમો લખી આપનાર, એકતરફવાાળ, બીજીતરફવાળા કન્ફર્મીંગપાર્ટી તે તમો ત્રીજીતરફવાળા લખાવી લેનાર-વેચાણ લેનારને આજરોજ આ વેચાણ દસ્તાવેજ લખી આપી જાહેર કરી જણાવીએ છીએ કે.....

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકા-અસારવા (અમદાવાદ શહેર પુર્વ), ના મોજે નિકોલ ની સીમમાં આવેલ સર્વે નં.૩૨૪/૨ ની ૫૭૬૭ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૦૨ (નિકોલ) માં સમાવેશ થતા તેને મળેલ ફા.પ્લોટ નં.૩૯ ની કુલ ૩૪૭૩ ચો.મી. ક્ષેત્રફળની જમીન જેમાં ૨૬૭૩ ચો.મી. રહેણાક હેતુ માટેની બીનખેતીની જમીન તથા ૮૦૦ ચો.મી. વાણીજ્ય હેતુ વાળી બીનખેતી થયેલ જમીન ઉપર અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ સાથે મળી **'સ્પાન વેલેન્સીયા'** નામથી રહેણાંક તથા કોમર્શીયલ યોજના મુકેલ છે. જેમાં આવેલ **બ્લોક નં. .... ના....... માળ ઉપર આવેલ ફલેટ/દુકાન નંબર ....ની ....ચો.મી. ના કારપેટ એરીયાના બાંધકામવાળી મિલકત તેમજ તેમાં આવેલ......... ચો.મી. બાલ્કની તેમજ તેમાં આવેલ ....ચો.મી વોશ એરીયા સહીતની મિલકત** કે જેનો હવે પછી આ બાનાખત કરારમાં **"સદરહુ મિલકત"** તરીકે સંબોધવામાં આવેલ છે.

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકા-અસારવા (અમદાવાદ શહેર પુર્વ), ના મોજે નિકોલ ની સીમમાં આવેલ સર્વે નં.૩૨૪/૨ ની ૫૭૬૭ ચો.મી. જમીન તેમના માલીક રેખાબેન પ્રકાશભાઈ પાસેથી અમો એકતરફવાળાએ પુરતો અવેજ ચુકવીને વેચાણ રાખેલ છે. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૧૩ (સીટી) સબ રજી. કચેરીમાં અનુ.નં.૬૯૮, તા.૦૭-૦૪-૨૦૧૫ થી નોંધણી કરાવેલ છે. ત્યારબાદ તેની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.......... થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનમાં અમો એકતરફવાળાએ રહેણાંક તથા વાણીજ્ય હેતુ માટેની બિનખેતીની પરવાનગી મેળવેલ છે. જેનો હુકમ જીલ્લા કલેક્ટર કચેરી, અમદાવાદ દ્વારા નં.સીબી/લેન્ડ-૧/એન.એ./એસ.આર./૬૭૫/૨૦૧૬ થી તા.૨૨-૦૮-૨૦૧૬ ના રોજ હુકમ કરવામાં આવેલ છે. અને સદરહું સર્વે નં.૩૨૪/૨ નો ટી.પી.સ્કીમ નં.૧૦૨ માં સમાવેશ થતા તેને ફા.પ્લોટ નં.૩૯ ફાળવવામાં

આવેલ છે. અને ફા.પ્લોટ નં.૩૯ ની ૩૪૭૩ સ.ચો.મી. જમીન જેમાં ૨૬૭૩ ચો.મી. રહેણાક હેતુ માટેની બીનખેતીની જમીન તથા ૮૦૦ ચો.મી. વાણીજ્ય હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ અમો એકતરફવાળાએ સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગેની રજાચિઠ્ઠી અમદાવાદ મ્યુ.કોર્પોરેશન પાસેથી મેળવેલ છે. જેનો રજાચીઠ્ઠી નં.૭૩૮૭/૦૪૦૩૧૬/એ૬૦૬૨/આર.ઓ./એમ૧ થી તેમજ ૭૩૮૫/૦૪૦૩૧૬/એ૬૦૬૦/આર.જી./એમ૧ તથા ૭૩૮૬/૦૪૦૩૧૬/એ૬૦૬૧/આર.ઓ./એમ૧ છે.

ત્યારબાદ અમો એકતરફવાળાએ સદરહું યોજનાને ડેવલપ કરવા માટે કન્ફર્મીંગ પાર્ટી શ્રીનાથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી સાથે ડેવલોપમેન્ટનો એગ્રીમેન્ટ પુરતી સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરેલ છે. જે એગ્રીમેન્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) સબ રજી. સાહેબની કચેરીમાં અનુ.નં. ૧૬૩૨૭ થી તા.૨૯-૦૯-૨૦૧૭ ના રોજ નોંધણી કરાવેલ છે. તે રીતે આ બાનાખતના કરારમાં શ્રીનાથ ડેવલોપર્સ એ કન્ફર્મીંગ પાર્ટી તરીકે સહી કરેલ છે.

એ રીતે અમો એકતરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટી **શ્રીનાથ ડેવલોપર્સ** નામની ભાગીદારી પેઢીએ સદરહુ જમીન ઉપર ઉપરોક્ત મંજુર થયેલ પ્લાન મુજબ રહેણાંકીય ૧૧૨ ફ્લેટો તથા ૨૭ દુકાનોનું બાંધકામ કરી આપેલ છે. જે સ્કીમ "**સ્પાન વેલેન્સીયા**" ના નામથી ઓળખાય છે.

સદરહું સ્કીમમાં બાનાખતમાં તેમજ વેચાણ દસ્તાવેજમાં સહી મત્તા કરવા માટે અમો એકતરફવાળાએ અમારા સહભાગીદાર તેમજ વિશ્વાસુ ખાસ ભરોસેદાર એવા મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયાને એક સ્પેશીફીક પાવર ઓફ એટર્ની લખી આપેલ છે. જેની નોંધણી અમદાવાદ-૧૨ (નિકોલ) સબ રજી. સાહેબની કચેરીમાં અનુ.નં. ૧૬૩૩૫ થી તા.૨૯-૦૯-૨૦૧૭ ના રોજ નોંધણી કરાવેલ છે. જે પાવરની રૂઈએ મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયાએ પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે સહી કરેલ છે તેમજ આ પાવર ઓફ એટર્નીનો અમલ હાલમાં ચાલુ છે તેમજ પાવર આપનાર હાલમાં હયાત છે.

તે યોજનામાનાં ફ્લેટો પૈકી **બ્લોક નં. .... ના....... માળ ઉપર આવેલ ફ્લેટ/દુકાન નંબર ....ની ....ચો.મી. ના કારપેટ એરીયાના બાંધકામળાળી મિલકત તેમજ તેમાં આવેલ......... ચો.મી. બાલ્કની તેમજ તેમાં આવેલ ....ચો.મી વોશ એરીયા સહીતની મિલકત** તમો લખાવી લેનાર અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી ગજેરા ડેવલોપર્સએ અમારી પેઢીનાં નીતી નિયમ મુજબ ઉપરાંત સદર સમગ્ર જમીન અને યોજનાના ટાઈટલ જોઈ તપાસી અને તે મુજબનું તમો ત્રીજીતરફવાળાએ પાલન કરવાનું કબુલેલ હોઈ અને તે

મુજબ સદરહું મીલકત તમો ત્રીજીતરફવાળાને કુલ્લે ન દાવે અઘાટ વેચાણ કિંમત **રૂા................./- અંકે રૂપિયા.............. પુરા***ની નક્કી કરીને અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી શ્રીનાથ ડેવલોપર્સએ એકતરફવાળાઓની સંમતીથી વેચાણ આપવાનું નક્કી કરવામાં આવેલ જે તમો ત્રીજીતરફવાળાએ કબુલ રાખેલ છે તે અંગેનો આ વેચાણ દસ્તાવેજ આજરોજ અમો બીજીતરફવાળા કન્ફરમીંગ પાર્ટી શ્રીનાથ ડેવલોપર્સ લખી આપીએ છીએ અને તેમાં એકતરફવાળા પોતાનું અનુમોદન આપીને તમો ત્રીજીતરફવાળાની તરફેણમાં પોતાનાં રેવન્યુ રેકર્ડ મુજબનાં જમીનનાં હક્કો મુજબ આ દસ્તાવેજ લખી આપે છે.*

સદરહું પરીશીષ્ટમાં જણાવેલ સદરહું સમગ્ર જમીન હાલ સંપુર્ણ બોજામુક્ત અને બોજા રહીત નાકરજી અને તમામ પ્રકારનાં ચોખ્ખા રાઈટ અને ટાઈટલ્સવાળી આવેલ છે જેની પાકી ખાત્રી તમો લખાવી લેનારે જોઈ તપાસેલ હોઈ જેથી ટાઈટલ બાબતેની કોઈપણ પ્રકારની જવાબદારી અમો એકતરફવાળા અને બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી શ્રીનાથ ડેવલોપર્સની રહેશે નહી.

સદર પરીશીષ્ટમાં જણાવેલ સદરહું સમગ્ર જમીનમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન તરફથી મંજુર થયેલ પ્લાનો મુજબ જુદા જુદા બ્લોકોની એપાર્ટમેન્ટ ટાઈપનાં ફ્લેટોનાં બાંધકામની યોજના અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી શ્રીનાથ ડેવલોપર્સએ તૈયાર કરેલ જે યોજનાનું નામ **સ્પાન વેલેન્સીયા** *આપવામાં આવેલ છે.*

સદરહું ફ્લેટ/દુકાન વાળી મીલકતની ન દાવે અઘાટ વેચાણ કિંમત **રૂા............./- અંકે રૂપિયા .... પુરા***ની રકમ નીચે અવેજ ચુકવ્યાનાં કોલમમાં દર્શાવ્યા મુજબ અમોએ તમો ત્રીજીતરફવાળા પાસેથી મેળવી લઈ લીધેલ હોઈ જેથી મજકુર મીલકતનો સ્થળ ઉપર ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો ત્રીજીતરફવાળાને અમોએ સોંપેલ છે.*

-: અવેજ ચુકવ્યાની વિગત :-

રકમ	ચેક નંબર	બેંકનું નામ	તારીખ

................../- અંકે રૂપિયા .... પુરા *આજદીન સુધીમાં તમો ત્રીજીતરફવાળા પાસેથી અમોને ચુકતે મળી ગયેલ હોઈ જે નાણાં મળ્યા બદલની આથી આ પાક્કી પહોંચ અમો કબુલ કરીએ છીએ. અને મજકુર મીલકત માટે હવે અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી મે.હર્ષ ડેવલોપર્સ અને એકતરફવાળા તમો ત્રીજીતરફવાળા પાસેથી કોઈ લેણ-દેણ, હક્ક-હિસ્સો, હિત-સબંધ રહેતો નથી. હવેથી સદર પરીશીષ્ટમાં જણાવેલ મીલકતનાં તમો ત્રીજીતરફવાળા સંપુર્ણ માલીક કબજેદાર ભોગવટેદાર બન્યા છો.*

તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ સદર મીલકતનું બાંધકામ મંજુર થયેલ પ્લાન તથા બાંધકામની રજાચિઠ્ઠી તથા બીન ખેતીનાં હુકમને આધીન બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટીએ કરેલ હોઈ જે બાંધકામની ગુણવત્તા, ફીટીંગ્સ, ફીક્સર્સ અને તેમાં વાપરેલ માલ સામાન અને સ્ટ્રક્ચર, કોમન સુવિધાઓની યોગ્યતા તમો ત્રીજીતરફવાળાએ જાતે અને તમારા નિષ્ણાંતી દ્વારા જોઈ તપાસેલ હોઈ અને જે બરાબર અને યોગ્ય હોવાનું તમો ત્રીજીતરફવાળાએ કબુલેલ હોઈ જેથી બાંધકામ અંગેની સઘળી જવાબદારી હવેપછીથી તમો ત્રીજીતરફવાળાની આવેલી છે અને રહેશે બાંધકામની ગુણવત્તા અને કોમન સુવીધાઓ અંગેની ભવિષ્યમાં કોઈપણ જવાબદારી અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી ગજેરા ડેવલોપર્સની કે એકતરફવાળાની રહેશે નહી.

આ વેચાણ દસ્તાવેજનાં આધારે સદરહું મીલકત તમો લખાવી લેનારે તમારે નામે રેવન્યુ સહિત લાગુ તમામ રેકર્ડમાં ચઢાવી લેવાની છે અને તેમાં અમો લખી આપનારની સહી, સંમતિની જરૂર પડે તો તેવી જરૂરીયાત પુરી કરવા અમો એકતરફવાળા લખી આપનાર કરી આપીશું.

વધુમાં સદર જમીન ઉપરનાં **<u>સ્પાન વેલેન્સીયા</u>** માનાં તમામ સબ-મીલકત ધારકોએ સંયુક્ત રીતે ભેગા મળીને જે એસોસીએશન કે રજીસ્ટર્ડ સોસાયટી બનાવવાનું નક્કી કરે અગર કરવામાં આવે તો તેમાં તમોએ તેમનાં ફરજીયાત સભ્ય બનવાનું હોઈને તમો લખાવી લેનાર પણ સદર નક્કી કરવામાં આવે તે એસોસીએશન અગર સોસાયટીનાં સભ્ય બનતા તમોએ તેનાં નિતિ-નિયમો અને ઠરાવોનું પાલન કરવાનું ફરજીયાત છે. તથા સદર **<u>સ્પાન વેલેન્સીયા</u>** ના રોડ-રસ્તાઓ, કોમન સ્પેસ સહીત તમામ કોમન સુવિધાઓ વાપરવા, ભોગવવા હક્કદાર છો અને રહેશો જે અન્યયે જે તે સમયે સદરહું સ્કીમનાં વહીવટકર્તાઓ ઠેરવે તે રકમ ભરવા/ચુકવવા તમો ત્રીજીતરફવાળા બંધાયેલ છો અને રહેશો.

ઉપર લખ્યા મુજબ સદરહું જમીનનાં હક્કો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી શ્રીનાથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીએ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટનાં આધારે ધારણ કરેલા છે. તદ્ઉપરાંત ઉપર દર્શાવ્યા મુજબ અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી શ્રીનાથ ડેવલોપર્સએ સદર સ્કીમમાં હાલ ગંદા પાણીનાં નિકાલ અંગે જે વ્યવસ્થા કરેલ છે તે તમો ત્રીજીતરફવાળાએ જોઈ તપાસેલ હોઈ જેથી ઉપરોક્ત સુવિધા બાબતે તમો ત્રીજીતરફવાળાએ જોઈ વાંધો તકરાર રહેતી ન હોવાનું કબુલીને સદર મીલકત વેચાણ રાખેલ હોઈ જેમાં અમો બીજીતરફવાળા કન્ફરમીંગવ પાર્ટી શ્રીનાથ ડેવલોપર્સના ભાગીદારી પેઢીમાં ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ મુજબ મળેલા તમામ હક્કો તમો ત્રીજીતરફવાળાને સદર મીલકત પુરતા આ દસ્તાવેજથી લખી આપીએ છીએ.

નીચે પરીશીષ્ટમમાં જણાવેલ સદરહું સમગ્ર જમીન ઉપર જે ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામવાળી મીલકત **<u>સ્પાન વેલેન્સીયા</u>** એ નામથી ઓળખાશે અને સદરહું નામમાં ફેરફાર કરવાનો લખાવી લેનારાઓને કોઈ હક્ક કે અધિકાર નથી.

૧).... સદરહું મીલકતનો શાંત, ખાલી અને પરોક્ષ કબજો આજરોજ વેચાણ દસ્તાવેજથી સોંપી દીધેલ છે. જે બીજીતરફવાળાએ સંભાળી લીધેલ છે અને વેચાણ લેનાર આજરોજ સદરહું મીલકતનાં સ્વતંત્ર માલીક, કબજેદાર અને ભોગવટેદાર બનેલ છો અને આજરોજ પછી સદરહું મીલકત પરત્વે એકતરફવાળાનો કોઈ રાઈટ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ રહેશે નહી.

૨)... વધુમાં સદર યોજનામાં **<u>સ્પાન વેલેન્સીયા</u>**નું બાંધકામ સંપુર્ણ પુરૂ થઈ ગયેલ છે પરંતુ તેની બિલ્ડીગ યુઝ પરમીશન (વપરાશ માટેની મંજુરી) એપ્રોપીયેટ ઓથોરીટી પાસેથી મેળવવાની બાકી છે આથી તમો લખાવી લેનાર યાને બીજીતરફવાળા સદર યોજનાની બિલ્ડીંગ યુઝ પરમીશન (વપરાશ માટેની મંજુરી) એપ્રોપીયેટ ઓથોરીટી તરફથી આપવામાં આવશે ત્યારબાદ જ સદરહું મીલકતનો તમો વેચાણ લેનાર રહેણાંક તરીકે ઉપયોગ વપરાશ કરી શકશો અને તેની તમો વેચાણ લેનાર પાક્કી ખાત્રી અને બાંહેધરી આપો છો.

૩)... તેમજ સદર સ્કીમની બી.યુ.પરમીશન આવ્યા પહેલા તમો લખાવી લેનાર યાને ત્રીજીતરફવાળા સદરહું મીલકતનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરશો, કરાવશો અને કોઈ અકસ્માત કે નુકશાન થશે તો તે માટેની અમારી લખી આપનારા યાને કે એકતરફવાળાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૪)... સદરહું મીલકત ઉપર વેચાણ આપનારે કોઈપણ જાતનો બોજો કે કોઈપણ જાતની લોન લીધેલ નથી કે સદરહું મીલકતનાં ટાઈટલ્સને નુકશાન થાય તેવું કોઈપણ જાતનું કૃત્ય વેચાણ આપનારે કરેલ નથી. જેની ખાત્રી અને ભરોસો આપવામાં આવેલ છે સદરહું મીલકત થકી વેચાણ આપનારાઓ કોઈનાં જામીન થયા નથી કે જામીનગીરીમાં આપેલ નથી.

૫)... સદરહું મીલકત અંગે કોઈપણ અદાલતમાં કે કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતનાં દાવાદુવી પેન્ડીંગ નથી કે સદરહું મીલકત અંગે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે સદરહું મીલકત જપ્તીકે અવલજપ્તીમાં લેવામાં આવેલ નથી.

૬)... સદરહું મીલકત વેચવી વેચાવવી નહી તેવો કોઈપણ કોર્ટનો મનાઈ હુકમ વેચાણ આપનાર ઉપર નીકળેલ નથી કે વેચાણ આપનારને મળેલ નથી કે બજેલ નથી.

૭)... સદરહું મીલકત અંગે વેચાણ ગીરો કે બક્ષીસ વેચાણ લેનાર સિવાય અન્ય કોઈને લખી આપેલ નથી.

૮)... વેચાણ આપનાર વેચાણ લેનારને વધુમાં બાંહેધરી આપે છે કે સદરહું મીલકત અંગે રેવન્યુ રેકર્ડમાં સરકારી, અર્ધસરકારી તથા સ્થાનિક સંસ્થાની કચેરીમાં, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં રેકર્ડમાં, ટોરેન્ટ પાવર લી. માં વેચાણ લેનારનું નામ માલીક અને કબજેદાર તરીકે દાખલ કરવા સારૂ વેચાણ લેનારને જ્યાં જ્યાં અને જ્યારે જે દસ્તાવેજો, સોગંદનામાં, કબુલાતો, જવાબો, સહીઓ અને ખાત્રીઓ આપવા વેચાણ આપનારાઓ કરી આપશે તેની ખાત્રી આપવામાં આવે છે.

૯)... સદરહું મીલકત અંગેનાં આજદિન સુધીનાં તમામ કરવેરા, જમીન મહેસુલ, શિક્ષણ વેરો, ગ્રામ પંચાયત વેરો, બેટરમેન્ટ ટેક્ષ ઈત્યાદી તમામ અમો એકતરફવાળાએ ભરેલ છે. તેમ છતાં જો આજદીન પહેલાનાં તેવા કરવેરા, ટેક્ષ ઈત્યાદી ભરવાનાં બાકી હોય તો તે તમામ ભરવાની જવાબદારી અમો એકતરફવાળાની છે અને રહેશે આજપછીનાં તેવા તમામ કરવેરા, જમીન મહેસુલ, શિક્ષણવેરો, ગ્રામપંચાયત વેરો, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનનાં ટેક્ષ ટોરેન્ટ પાવર લી. તથા કોમન વહીવટીખર્ચ ઈત્યાદી તમામ ભરવાની જવાબદારી તમો ત્રીજીતરફવાળાની છે અને રહેશે.

૧૦)... સદરહું મીલકત અંગે અમો એકતરફવાળા પાસે જે કોઈપણ દસ્તાવેજો, મંજુરીઓ અન્ય કાગળો છે તે તમામ કાગળો તમો ત્રીજીતરફવાળાએ તમારા વિદ્વાન એડવોકેટ અને એન્જીનીયર પાસે જોવડાવી લીધેલ છે જે કાયદા નિયમો મુજબ બરાબર છે તેમજ તમામની સહી સિક્કાવાળી ખરી નકલો અમો એકતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને સોંપેલ છે.જે તમો ત્રીજી તરફવાળાએ સંભાળી લીધેલ છે પરંતુ સદર અસલ દસ્તાવેજો, મંજુરીઓ અન્ય કાગળોની સદર એકતરફવાળાનાં કબજા ભોગવટામાં રહેશે.

૧૧)... વધુમાં મજકુર ત્રીજીતરફવાળાએ સદર બાંધકામ વાળી મીલકત પોતે જાતે તથા પોતાનાં એન્જીનીયર મારફતે જોઈ તપાસી લીધેલ છે અને તેનાં બાંધકામથી તેઓ સંપુર્ણ સંતુષ્ટ છે તેથી ત્રીજીતરફવાળાએ ભવિષ્યમાં તે અંગે એકતરફવાળા કે બીજીતરફવાળા સાથે કોઈ તકરાર કરવાની રહેશે નહી.

૧૨)... સદરહું **સ્પાન વેલેન્સીયા** નામની બિલ્ડીંગની બ્લોક એ, બી, સી ની સુવિધા તેમજ જાળવણી માટે એક સર્વિસ સોસાયટી રચવામાં આવેલી છે તે સર્વિસ સોસાયટીનાં સભ્ય થવાનું ત્રીજીતરફવાળાને માટે ફરજીયાત છે તેમજ સોસાયટી તરફથી બિલ્ડીંગનાં કોમન સવલતો અંગે થતા તેનાં ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદતી કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રીબ્યુશનની રકમ તેમજ સદરહું મકાનનાં વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે ખર્ચ નક્કી કરવામાં આવે તે ખર્ચ ત્રીજીતરફવાળાએ વરાડે પડતો ભોગવવાનો રહેશે જો તેમાં ચુક કરશે કે વિલંબ કરશે, તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશો અને આવી સોસાયટી અને/અથવા તેનાં સભાસદ તમને પાણી, લીફ્ટ, પાર્કીંગ વિગેરે વાપરતા અટકાવી શકશે અને ત્યારે તે સામે ત્રીજીતરફવાળા વાંધો લઈ શકશે નહી જો કે આવી તમામ રકમ તથા વ્યાજ નુકશાની વિગેરે તમો જ્યારે ભરશો ત્યારપછી તેવા હક્કો તમો વાપરી શકશો.

૧૩)... વધુમાં તમો ત્રીજીતરફવાળા તથા અન્ય સભાસદોએ સદર સર્વીસ સોસાયટીની પેટા નિયમો તથા નિતિ નિયમોનો અને વખતો વખતનાં ઠરાવોનું પાલન કરવાનું રહેશે તેમજ સભાસદોનાં લાભાર્થે સદર સર્વિસ સોસાયટી કોમન સુવિધાઓ અંગે તથા અન્ય કારણોસર સદર સર્વીસ સોસાયટીનાં કારોબારી કમીટી/મેનેજીંગ કમીટી/જનરલ કમીટીમાં જે કોઈ નિર્ણય લે તે દરેક સભાસદોને માન્ય રહેશે તેમજ તમો ત્રીજીતરફવાળાએ તમોએ વેચાણ લીધેલ ફ્લેટ અન્ય કોઈને ભાડે, વેચાણ કે કોઈપણ પ્રકારે એસાઈન કરવાનું હશે તો સદર સર્વીસ સોસાયટી નક્કી કરે તે મુજબની ટ્રાન્સફર ફી ત્રીજીતરફવાળાએ મીલકત વેચાણ લેનારાએ ભરવાનીરહેશે અને ત્યારબાદજ તમો ત્રીજીતરફવાળા સદર મીલકત ભાડે, વેચાણ, ગીરો કે કોઈપણ પ્રકારે એસાઈન કરી શકશો અને તેમ કરવામાં તમો ત્રીજીતરફવાળા કે અન્ય કોઈ સભાસદ કસુર કરે તો સદર સર્વીસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણેની કાર્યવાહી કરવા હક્કદાર રહેશે.

૧૪)... સદરહું**સ્પાન વેલેન્સીયા** ના નામથી ઓળખાતી બીલ્ડીંગમાં જે કોઈ કોમન સુવિધાઓ જેવી કે માર્જીનની જમીન, પેસેજ, સીડી, લીફ્ટ, ચાલીને જવાનાં રસ્તા, ડ્રેનેજ, વોટર સપ્લાય, પાર્કીંગ, સ્ટ્રીટ લાઈટ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, કમ્પાઉન્ડ ગાર્ડન ફોયર વિગેરે આવેલ છે તે તમામ તમો ત્રીજીતરફવાળાએ સદર બિલ્ડીંગનાં અન્ય સહમાલીકો કે સહ કબજેદારો તથા સહીયારા સહ-માલીકી કબજા હક્કો કોઈપણ જાતની અડચણ કે અંતરાય ઉપસ્થિત ન થાય તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરવાનો છે તે કોમન સગવડો અંગે જે કોઈ કોમન વહીવટી ખર્ચ આપવાનો થાય તે વરાડે પડતો ખર્ચ તમામ ત્રીજીતરફવાળાએ આપવાનો છે.

૧૫)... વધુમાં સદર બિલ્ડીંગમાં બહારી રંગ-રોગાન તથા ડીઝાઈન, એલીવેશનમાં ત્રીજીતરફવાળાએ ક્યારેય પણ બદલાવ કરવાનો રહેશે નહી પરંતુ સદર બિલ્ડીંગનું સૌદર્ય હંમેશા જાળવી રાખવાનો રહેશે તેમજ ભવિષ્યમાં પોતાનાં યુનીટમાં ક્યારેય પણ રીનોવેશન કરવાની જરૂરીયાત ઉભી થાય તે તેવું રીનોવેશન એપ્રોપ્રીએટ ઓથોરીટીની મંજુરી લીધા બાદજ બિલ્ડીંગનાં અન્ય સભાસદોને અડચણ રૂપ ન થાય કે મુખ્ય સ્ટ્રક્ચરને કોઈપણ જાતનું નુકશાન ન થાય તે રીતે કરવાનું રહેશે તેમજ સદર મીલકત સંપુર્ણ રીતે તમો ત્રીજીતરફવાળએ ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં તોડી શકશો નહી એટલે કે કોઈપણ જાતનું ન્યુસન્સ કરવાનો રહેશે નહી જો તેમ કરવામાં કસુર કરવામાં આવે તો તેવી મીલકતને ફરીથી મુળ સ્થિતિમાં લાવવા અંગે જે કોઈ ખર્ચ પેનલ્ટી સહિત ત્રીજીતરફવાળાએ તેવી સદર બિલ્ડીંગનાં વહીવટ માટે બનાવેલ સંસ્થાને આપવાની રહેશે.

૧૬).. સદર બિલ્ડીંગની દિવાલો કોમન દિવાલો છે તેમજ તમો ત્રીજીતરફવાળાને વગર વહેંચાયેલ જમીન વેચાણ કરવામાં આવેલ છે તેથી કોઈપણ સંજોગોમાં ત્રીજીતરફવાળા દિવાલો તથા જમીનનું વિભાજન કરી શકશે નહી તેમજ સદર દિવાલો સીંગલ ઈંટની આવેલ હોઈ તેમાં તમો ત્રીજીતરફવાળા નવા કબાટો મુકી શકશે નહી કે દિવાલને નુકશાન થાય તેવુ કૃત્ય કરવાનું રહેશે નહી તેમજ દિવાલની પેલી બાજુએ અડો અડ આવેલ ફ્લેટોનાં વપરાશકર્તા અને માલીકે એકબીજાને તકલીફ પડે તેવા કૃત્યો કરવાનાં નથી અને તેનાં ઉપયોગ અંગે પરસ્પર સંપ અને સહકારથી વર્તવાનું રહેશે તેમજ દિવાલની જેમજ સદર બિલ્ડીંગ સદર સંપુર્ણ જમીન વગર વહેંચાયેલ છે તેથી સદર વગર વહેંચાયેલ જમીનનો અલગ હિસ્સો માંગવાનો રહેશે નહી તેવીજ રીતે તમો ત્રીજીતરફવાળા સદર બિલ્ડીંગની કોમન સુવિધાઓનું પણ વિભાજન માંગી શકશે ની જેની આથી ત્રીજીતરફવાળા બાંહેધરી આપીએ છીએ.

૧૭)... વધુમાં તમો ત્રીજીતફરવાળાએ પોતે વેચાણ લીધેલ મીલકતનો વીમો આજરોજથી તમારા નામે અન્ય કંપની પાસેથી ઉતારી લેવાનો રહેશે જેનું પ્રિમિયમ તમો ત્રીજીતરફવાળાએ ભરવાનું રહેશે જેથી કરીને ભવિષ્યમાં આગ, ભુકંપ, આંતરીક, ધમાલ, યુધ્ધ, વાવાઝોડું, અતિવૃષ્ટી કે કોઈપણ કુદરતી કે માનવીત હોનારતથી સદર મીલકતને કોઈ નુકશાન થાય તો તે અંગેની કોઈપણ પ્રકારની જવાબદારી આજપછી એકતરફવાળા/બીજીતરફવાળાની રહેશે નહી એટલું જ નહી પરંતુ સદર મીલકતનું બી.યુ.પરમીશન આવી ગયા બાદ સદર મીલકતનો વપરાશ ઉપયોગ કે ભોગવટો કરવાનો રહેશે.

૧૮)... વધુમાં અમો ત્રીજીતરફવાળાએ સદરહું મીલકતનાં સંડાસ, બાથરૂમ, કિચન તેમજ અન્ય જગ્યાએ વપરાયેલ ટાઈલ્સ તથા પ્લમ્બીંગ સામાન તેમજ તેનું ફીટીંગ, સાંધા વિગેરે અમારા જાણકાર વ્યક્તિઓએ જોઈ ચકાસી લીધેલ છે જેમાં હાલ કોઈ જગ્યાએ ભેજ કે લીકેજ નથી જેની ખાત્રી કરી લીધેલ છે. તેમ છતાં અમો જાણીએ છીએ કે, ટાઈલ્સ ધોવા માટે જલદ પ્રવાહી કે ઘન પદાર્થ વાપરવાથી ટાઈલ્સ, પાઈપ લાઈન તથા તેમનાં સાંધામાંથી પાણી લીકેજ થઈ શકે છે જે અંગે તમો ત્રીજીતરફવાળા ભવિષ્યમાં તમો એકતરફવાળા સામે વાંધો તકરાર કરીશું નહી.

૧૯)... વધુમાં સદર મીલકતનાં આ વેચાણ અંગે ભવિષ્યમાં કોઈપણ સર્વીસ ટેક્ષ, વેલ્યુ એડેડ, ટેક્ષ (વેટ), સેલ્સ ટેક્ષ, અન્ય ટેક્ષ ભરવા પડે તે તમો ત્રીજીતરફવાળાએ ભરવાનાં રહેશે તેમજ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે અન્ય કોઈ ઓથોરીટી કોઈપણ ડાયરેક્ટ કે ઈન ડાયરેક્ટ ટેક્ષો લાગુ પડે તો તે પણ તમો ત્રીજીતરફવાળાએ ભરવાનાં રહેશે. અને તે અંગે અમો એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહી.

૨૦)... સદરહું મીલકતનાં વેચાણ દસ્તાવેજ અંગેનો સ્ટેમ્પ, સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, તફાવતની રકમ, નોંધણી રકમ, ટાઈપીંગ ખર્ચ, પ્રિન્ટીંગ ખર્ચ, વકીલ ફી વિગેરે તમામ ખર્ચાઓ વેચાણ લેનારે ભોગવેલ છે.

૨૧)... સદરહું યોજનામાં આવેલ ફ્લેટ/દુકાન ઉપર અન્ય કોઈનો કોઈપણ જાતનો બોજો કે લેણું બાકી રહેતું નથી.

૨૨)... સદરહું **<u>સ્પાન વેલેન્સીયા</u>** નાં નામે ઓળખાતી યોજનાનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની વેચાણ આપનારે પાક્કી ખાત્રી અને બાંહેધરી આપેલ છે.

૨૩)... સદરહું મીલકતનો સમાવેશ નિકોલ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલ છે અને ગુજરાત સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારનાં પરિશિષ્ટમાં સદરહું મીલકતનો સમાવેશ થતો નથી. જેથી અમદાવાદ મે. કલેક્ટરશ્રીની પરવાનગી મેળવવાની જરૂરીયાત રહેતી નથી.

<u>પરીશીષ્ટ</u>

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકા-અસારવા (અમદાવાદ શહેર પુર્વ), ના મોજે નિકોલ ની સીમમાં આવેલ સર્વે નં. ૩૨૪/૨ ની ૫૭૬૭ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૧૦૨ (નિકોલ) માં સમાવેશ થતા તેને મળેલ ફા. પ્લોટ નં. ૩૯ ની કુલ ૩૪૭૩ ચો.મી. ક્ષેત્રફળની જમીન જેમાં ૨૬૭૩ ચો.મી. રહેણાક હેતુ માટેની બીનખેતીની જમીન તથા ૮૦૦ ચો.મી. વાણીજ્ય હેતુ વાળી બીનખેતી થયેલ જમીન ઉપર અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ સાથે મળી **'<u>સ્પાન વેલેન્સીયા</u>'** નામથી રહેણાંક તથા કોમર્શીયલ યોજના મુકેલ છે. જેમાં આવેલ **બ્લોક નં. .... ના....... માળ ઉપર આવેલ ફલેટ/દુકાન નંબર ....ની ....ચો.મી. ના કારપેટ એરીયાના બાંધકામવાળી મિલકત તેમજ તેમાં આવેલ......... ચો.મી. બાલ્કની તેમજ તેમાં આવેલ ....ચો.મી વોશ એરીયા સહીતની મિલકત**.

<u>સદરહું મીલકતનાં ખુંટ ચારની વિગત</u>

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

હવે સદરહું મીલકત આ વેચાણ દસ્તાવેજથી તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપવામાં આવતી હોવાથી તમો ત્રીજીતરફવાળાએ જરૂરી પરમીશન મળ્યા બાદ ચાંદો સુરજ તપે ત્યાં સુધી સુખેથી વસો, વસાવો, વાપરો, ભોગવો, વેચો, ગીરો, બક્ષીસ કરો, યા તમો તમારૂ દીલ ચાહે તેમ કરવા હક્કદાર છો અને મજકુર મીલકતમાંથી નવેનીધ્ધ અષ્ટમાસીધ્ધ જે કાંઈ પ્રગટ થાય તે સર્વે તમારા નસીબનું છે અને સદરહું મીલકત અમો બીજીતરફવાળા કનફરમીંગ પાર્ટી **શ્રીનાથ ડેવલોપર્સની સ્પાન વેલેન્સીયા** નામની સ્કીમનાં તમામ નીતી-નિયમો, કાયદા-કાનુન, વખતો વખતનાં ઠરાવોનું પાલન કરવાની શરતે વેચાણ આપવામાં આવેલ હોવાથી સદર મીલકત સરકારશ્રીનાં અને અમો બીજીતરફવાળા કન્ફરમીંગપાર્ટી **શ્રીનાથ ડેવલોપર્સ ની સ્પાન વેલેન્સીયા** નામની સ્કીમનાં નીતી નિયમ અને કાયદા કાનુન અને ઠરાવોનું પાલન હર હંમેશ પાલન કરીને તમો ત્રીજીતરફવાળા ઉપયોગ અને ઉપભોગ કરી શકશો.

સદરહું મીલકત અંગેનાં આ વેચાણ દસ્તાવેજમાંના બીજીતરફવાળા કન્ફરમીંગ પાર્ટીનાં ડેવલપમેન્ટનાં હક્કો આપેલ તે અન્વયેનો ડેવલોપમેન્ટનો કરાર **અમદાવાદ-૧૨ (નિકોલ) ના સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૬૩૨૭/ ૨૦૧૭, તા.૨૯-૦૯-૨૦૧૭ ના રોજ** *ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની કલમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી વાપરીને નોંધાવવામાં આવેલ છે.*

એ રીતેની સરદહું મીલકત તેની સાથેનાં તમામ આનુષાંગિક હક્ક, અધિકાર સહિત આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી સંપુર્ણ રાજીખુશીથી, અક્કલ હોંશીયારીથી તેમજ કોઈપણ જાતનાં દાબ-દબણ કે ધમકીને વશ થયા વિના તન-મનનાં સંપુર્ણ સાવધાન પણામાં સ્વસ્થ ચીતે, વાંચી, સમજી, વિચારી, વંચાવી આ નીચે અમારે અમારા સ્વહસ્તે હાજર સાક્ષીઓની રૂબરૂમાં સહી મત્તા કરી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજરોજ તા.   નાં દિને શહેર અમદાવાદ મધ્યે.

અત્રે--------------મતુ   *અત્રે-------------શાખ*

લખી આપનાર   *સાક્ષી*

(૧) પટેલ અર્જુનભાઈ રમણભાઈ
(૨) પટેલ રમણભાઈ ઈશ્વરભાઈ
(૩) પટેલ રમણભાઈ હરગોવનદાર   ------------------
(૪) પટેલ રસીકભાઈ હરગોવનદાસ
(૫) પટેલ ભરતભાઈ રામાભાઈ
(૬) પટેલ મહેન્દ્રભાઈ રામાભાઈ
(૭) પટેલ પ્રવિણભાઈ અંબાલાલ
(૮) મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા
(૯) સુરેશભાઈ હીરજીભાઈ સોરઠીયા
(૧૦) પટેલ દીલીપભાઈ લક્ષ્મણભાઈ
(૧૧) પટેલ કલ્પેશકુમાર કરશનદાર
નં.૧ થી ૧૧ ના કુલમુખત્યાર તરીકે

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા

<u>બીજીતરફવાળા/કન્ફરમીંગપાર્ટી</u>
શ્રીનાથ ડેવલોપર્સ
એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી
તેના વહીવટકર્તા ભાગીદાર :-

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા

<u>રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ - ૩ર (અ) મુજબનું પરિશિષ્ટ</u>

<u>એકતરફવાળા/લખી આપનાર</u> :

(૧) પટેલ અર્જુનભાઈ રમણભાઈ
(ર) પટેલ રમણભાઈ ઈશ્વરભાઈ
(૩) પટેલ રમણભાઈ હરગોવનદાર
(૪) પટેલ રસીકભાઈ હરગોવનદાસ
(પ) પટેલ ભરતભાઈ રામાભાઈ
(૬) પટેલ મહેન્દ્રભાઈ રામાભાઈ
(૭) પટેલ પ્રવિણભાઈ અંબાલાલ
(૮) મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા
(૯) સુરેશભાઈ હીરજીભાઈ સોરઠીયા
(૧૦) પટેલ દીલીપભાઈ લક્ષ્મણભાઈ
(૧૧) પટેલ કલ્પેશકુમાર કરશનદાર

નં.૧ થી ૧૧ ના કુલમુખત્યાર તરીકે

--------------------- ----------

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા *અંગુઠો*

<u>બીજીતરફવાળા/કન્ફરમીંગપાર્ટી</u> :

શ્રીનાથ ડેવલોપર્સ

એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી
તેના વહીવટકર્તા ભાગીદાર :-

--------------------- ----------

મુકેશભાઈ હીરજીભાઈ સોરઠીયા *અંગુઠો*

<u>ત્રીજીતરફવાળા/લખાવી લેનાર</u> :

--------------------- ----------

અંગુઠો

મીલકતનાં ઓળખ માટેનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું : ફ્લેટ નં. , સ્પાન વેલેન્સીયા
નિકોલ, અમદાવાદ.

મિલકત રાખનારની સહી------------------------------------

મિલકત આપનારની સહી------------------------------------

મીલકતનાં ઓળખ માટેનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું : ફ્લેટ નં. , સ્પાન વેલેન્સીયા
નિકોલ, અમદાવાદ.

મિલકત રાખનારની સહી-----------------------------------

મિલકત આપનારની સહી-----------------------------------